જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૫/૨૦૧૪ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૧૪૦૬/૧૪**

## બનાવટી પાસપોર્ટ બનાવતા શખ્શને પકડી પાડતી ક્રાઈમ બ્રાન્ચ :-

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના પો.સ.ઈ.શ્રી બી.એચ.કોરોટ નાઓને બાતમી હકિકત મળેલ કે, દિવ્યેશ @ ડીકે ઉપાધ્યાય નામનો માણસ બોગસ પાસપોર્ટ આધારે કબુતરબાજીનુ કામકાજ કરે છે જે આધારે સદરીને વોચ રાખી પકડી તપાસ કરતા સદરી પાસેથી બે બનાવટી પાસપોર્ટ, એક લીવીંગ સર્ટિફિકેટ, SVPI એરપોર્ટ અમદાવાદ ડીપાર્ચરનો રબર સ્ટેમ્પ, મોબાઈલ કંપનીના સીમકાર્ડ નંગ-૮ તથા અલગ- અલગ સ્ત્રી-પુરૂષો તથા બાળકોના પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ નંગ- ૧૩૪ તથા અન્ય બનાવટી દસ્તાવેજો મળી આવતા જે બાબતે સઘન પુછપરછ કરતાં પોતાના સાગરીતો (૧) સંજય પટેલ રહે. નારદીપુર જીલ્લો. ગાંધીનગર તથા (૨) બ્રિજેશ @ બોસ રહે. ગામ. પલીયડ હાલ રહે. ન્યુજર્સી, અમેરિકાની મદદગારીથી બનાવટી પાસપોર્ટ બનાવી કબુતરબાજીનુ રેકેટ ચલાવતો હોવાનુ જણાવતા સદરી દિવ્યેશ ઉર્ફે ડીકે મનુપ્રસાદ ઉપાધ્યાય ઉ.વ.૪૨ રહે. ડી/૩૦૧ સિધ્ધીચક્ર એપાર્ટમેન્ટ વિસત પેટ્રોલપંપ સામે સાબરમતી અમદાવાદ તથા તેના સાગરીતો વિરૂધ્ધ શ્રી સરકાર તરફે ગુનો દાખલ કરી સદરી દિવ્યેશને ગઈકાલે ગુનાના કામે અટક કરી વધુ તપાસ અર્થે રીમાન્ડ અંગેની કાર્યવાહી પો.સ.ઈ.શ્રી. બી.એચ.કોરોટ નાઓએ હાથ ધરેલ છે.

## વટવા પોલીસ સ્ટેશન :-

વટવા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૧૬૦/૨૦૧૪ ઇપીકો કલમ ૩૦૨ તથા જીપીએકટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાના કામે આરોપી ગણેશજી સ/ઓ અનિલભાઇ અંબાણી ઉ.વ.૧૯ રહે ડી/૬૨ તીર્થભુમી સોસાયટી, નારોલ કોર્ટ ની સામે, નારોલ અમદાવાદ તથા દાતાર એસ્ટેટ આર.સી.પેટ્રોકેમ નારોલ. મુળગામ ભીલવાસ, રાણીપ નાને ઉપરોકત ગુનામાં અત્રેના પો.સ્ટે.ના સીની.પોલીસ ઇન્સ્પેકટર શ્રી એચ.જે.ચૌધરી નાઓએ વટવા પો.સ્ટે.વિસ્તારમાંથી તા.૨૯/૦૫/૨૦૧૪ ના કલાક ૧૭/૦૦ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.